| | | | |
|---|---|---|---|
| સ્વીકાર્યા તારીખ | ૧૬/૦૯/૨૦૦૯ | | |
| નોંધ્યા તારીખ | ૧૬/૦૯/૨૦૦૯ | | |
| જજમેન્ટ તારીખ | ૦૧/૧૧/૨૦૧૮ | | |
| સમય ગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૯ | ૦૧ | ૧૫ |

# વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં
## મુ. વસો

**(જુનો કો.મુ.નં. ૨૨૪/૨૦૦૯)**
**વસો કોર્ટ કો.મુ.નં.૨૬/૨૦૧૭**
**આંક :- ૧૯૩**

**વાદી :- મૈયત બીસ્મીલ્લાખાન સીતાબખાન**

(૧) વજીરનબીબી બીસ્મીલ્લાખાન સીતાબખાનપઠાણ ની
વિધવા, ઉ.વ. ૬૦ ધંધો ફ ઘરકામ
(૨) ઝરીનાબાનુ તે બીસ્મીલ્લાખાન સીતાબખાન પઠાણની દીકરી
ઉ.વ. ૩૫ ધંધો. ઘરકામ
(૩) ઈમરાનખાન તે બીસ્મીલ્લાખાન સીતાબખાન પઠાણ
ઉ.વ. ૨૫ ધંધો. ખેતી
તમામ રહે. મિત્રાલ તા. વસો જી.ખેડા

## વિરુધ્ધ

**પ્રા.વાદીઓ :-(૧) સીકંદરમીયા બાજીતમીયા ભઠ્ઠી મૈયત**

૧/૧. મુસ્તુફામીયા સીકંદરમીયા ભઠ્ઠી

૧/૨. નસરૂમીયા સીકંદરમીયા ભઠ્ઠી

૧/૩. સલીમમીયા સીકંદરમીફ્યા ભઠ્ઠી

૧/૪ . સુગરાબીબી સીકંદરમીયા ભઠ્ઠીની દીકરી

૧/૫ . નુરજહાબીબી સીકંદરમીયા ભઠ્ઠીની દીકરી

**૧**/૬. નસીમબીબી સીકંદરમીયા ભઠ્ઠીની દીકરી

તમામ રહે. ઈન્દીરાનગરી ,મિત્રાલ તા.વસો જી.ખેડા

(૨) હબીબખાન બાજીતમીયા ભઠ્ઠી

(૩) બસરીનમીયા બાજીતમીયા ભઠ્ઠી

( ૪) ફકરુમીયા બાજીતમીયા ભઠ્ઠી

૪/૧. સમીરૂદીન ફકરૂદીન ભઠ્ઠી

૪/૨. નઈમુદીન ફકરૂદીન ભઠ્ઠી

૪/૩. મનીષાબાનુ ફકરૂદીન ભઠ્ઠી

૪/૪. રીઝવાનાબાનુ ફકરૂદીન ભઠ્ઠી

તમામ રહે. ઈન્દીરાનગરી ,મિત્રાલ તા. વસો જી.ખેડા

**(૫) કુલસુમબીબી બાજીતમીયા ભઠ્ઠી**

રહે. મિત્રાલ તા. વસો જી.ખેડા

# <u>જ જ મે ન્ટ</u>

## વાદી વ. શ્રી :–એમ.એ.પટેલ

## પ્રતિવાદી વ.શ્રી :– કે.જે.દલાલ

<u>વિષય–: દાવો રૂ.૩૦૦/– ના આંકથી ડિકલેરેશન,હીસ્સાનુ વિભાજન તથા કાયમી મનાઈહુકમ મેળવવા બાબત....</u>

(૧) વાદીની દાવાની ટુકમાં હકીકત એવી છે કે, વાદી તેમના માતા – પિતા સાથે બચપણથી મોજે ગામ મિત્રાલ તા. વસો ખાતે રહે છે. જે વાદીનુ મોસાળ થાય છે. વાદીના મામા એહમદમીયા ઉર્ફે કડુમીયા નથ્થુમીયા જીવીત હતા ત્યારથી જ ભેગા રહેતા હતા. જે મામા ગુજરી જવાથી તેઓના પત્ની નામે ઉમરાવબીબી વાદી સાથે રહેતા હતા અને ખેતી કરી જે ઉપજ થતી તેમાથી વાદી તેમનુ તથા મામી ઉમરાવબીબી નુ ભરણ પોષણ કરતા હતા.આ કામના પ્ર તિવાદી નં. ૧ થી ૪ ગુજરનાર અહેમદમીયાના ભત્રીજા થાય છે તથા પ્રતિવાદી નં. ૫ ભત્રીજી થાય છે. સદર એહમદમીયા જીવીત હતા ત્યારથી વાદીની સાથે જ અહેમદમીયા અને તેમના પત્ની રહેતા હતા.અહેમદમીયાએ પોતાની કમાણીથી વેચાણ રાખેલ ખેતી લાયક જમીન ૪૩૦/અ તથા ૪૩૦/બ તથા ૪૨૩ જેમા કુવો, ઈલેકટ્રીક મોટર તથા પાણી લાઈન વિગેરે વસાવેલ હતી. જે તેઓના ગુજરી ગયા બાદ તમામ મિલકતો અહેમદમીયાના પત્ની ઉમરાવ બીબીને વારસાઈ થી પ્રાપ્ત થયેલ હતી. ગુજરનાર એહમદમીયા ને કોઈ સંતાન ન હોવાથી ઉમરાવબીબી વાદી સાથે રહેતા હતા. અને વાદીઓની ખુબ જ સાર સંભાળ રાખતા હતા. ગુજરનાર ઉમરાવબીબી એ વાદીને તથા ગુજરનાર બાજીતમીયા નથ્થુમીયા ભટ્ટી

ના પુત્ર જેઓ પ્રા.વા. નં. ૧ થી ૩ ના ઓને તારીખ ૧૬/૧૧/૧૯૯૮ ના રોજ સબ રજીસ્ટ્રાર નડીયાદ સમક્ષ લેખીત વિલ નંબર – ૩૪૮૭/૧૯૯૪ થી રજીસ્ટર્ડ વીલ કરી આપેલ. જેમા વાદીને મોજે મિત્રાલ તા. વસો ની સીમમા આવેલ સર્વે નં. બ્લોક નં. ૪૩૦–અ તથા ૪૩૦–બ તથા બ્લોક નં. ૪૨૩ મા આવેલ પાણીનો કુવો તથા ઈલેકટ્રીક મોટરમા ૧/૪ ભાગ તેમજ મોજે મિત્રાલના ગ્રામ પંચાયત ૧૪૫ વાળી પડતર ખુલ્લી બાંધકામ લાયક જમીન વાદીને પ્રાપ્ત થાય તે રીતે વીલ કરી આપેલ. આ વીલમા તમામ પ્રા.વાદીઓ પૈકી પ્રા.વા. ૧ થી ૩ ના ઓને પણ જમીન મિલ્કતો તેમજ પાણીનો કુવો તથા ઈલેકટ્રીક મોટરમા ૧ /૪ ભાગ` સરખે હીસ્સે વીલથી જમીનો પ્રાપ્ત થાય તે બાબતે વીલ યાને વસીયતનામુ કરી આપેલ. ગુજરનાર ઉમરાવબીબી તા. ૧૬/૬/૧૯૯૭ ના રોજ અવસાન પામેલ. બાદમા વાદી તથા પ્રા.વા. ૧ થી ૩ ના ઓએ પોતપોતાનો હીસ્સો સ્થળ ઉપર ઉપર કબજો સંભાળી ખેતી કરવા લાગેલ. વિલના આધારે ગામ નમુના નંબર ૬ હકક પત્રક એન્ટ્રી નંબર ૮૭૪૭ થી ૭/૧૨ મા કરવામાં નોઘ આવેલ .ત્યારબાદ પ્રતિવાદી. ૧ થી ૫ ને વીલ બાબતે તકરાર ઉપસ્થિત થતા આર.ટી.એસ. ૧૩/૦૫ થી મામલતદારશ્રી ના ઓ એ તા. ૦૯/૧/૦૬ ના રોજ વીલના આધારે ત.ક.મંત્રીએ કરેલ એન્ટ્રીને માન્ય રાખેલ. જે હુકમ ને નાયબ કલેકટરશ્રી, નડીયાદના ઓ સમક્ષ પ્રતિવાદી ૧ થી ૫ ના એ એ આર.ટી.એસ. અપીલ – ૨૦/૦૬ થી તા :૧૩/૬/૦૬ ના રોજ મામલતદારશ્રી નો હુકમ રદ કરેલ. જેથી વાદીએ નડીયાદ સમક્ષ રીવીઝન અરજી નં. ૭૭/૦૫/૦૬ ની દાખલ કરેલ જે કલેકટરશ્રી એ તા. ૧૫/૧૧/૦૬ ના રોજ નામંજુર કરેલ. ત.ક.મંત્રીના રેકર્ડ ઉપર પુન: ગુજરનાર ઉમરાવબીબી તે એહમદમીયા ઉર્ફે કડુમીયા નથ્થુમીયા નુ નામ દાખલ થવુ જોઈએ તેના બદલ

ે ત.ક.મંત્રીના રેકર્ડે પ્રતિવાદી ૧ થી ૫ ના નામ ની નોધ કરેલ ે. જે મિત્રાલ તલાટીના રેકર્ડ પર ખોટી થયેલ નોધને કારણે પ્રતિવાદીઓ વાદીની પાસેથી વીલ થી મળેલ મીલકત વાળા કબજામા આવેલ ખેતી લાયક જમીન બાબતે તકરારો ઉપસ્થિત કરે છે. ગુજરનાર ઉમરાવબીબી એ વીલમા સ્પષ્ટ જણાવેલ છે કે, ''વાદી સંભાળ રાખતા હતા. ગુજરનાર જીવીત હતા ત્યા સુધી વાદી એકલા પાસે રહેતા હતા. વાદી એકલા જ સેવા ચાકરી કરતા હતા''. દાવાવાળી મીલકત વાદી ને વીલથી પ્રાપ્ત થયેલ છે. વાદી ખેતીની જમીનમા કુવાનુ પાણી લે તો ગેરકૃત્ય કરી વારંવાર પાણીનો પ્રવાહ અટકાવી દે છે. પ્ર તિવાદી ૧ થી ૪ સગા ભાઈઓ હોઈ એક સંપ કરી વાદીને ખેતી કરતા અટકાવે છે. વાદી સદર મીલકતનો કબજો ઘણા વર્ષો થી ધરાવે છે. અને વહીવટ પણ કરેછે. કોઈ કાનુની તકરાર ઉપસ્થિત ન થાય તે માટે ગુજરનાર ઉમરાવબીબી એ માલીકી હકકે મિલ્કતનો વાદીને વિલથી ટ્રાન્સફર થાય તે માટે રજીસ્ટર્ડ વીલ કરી આપેલ છે. બ્લોક નં. ૪૨૩ મા આવેલ કુવો તથા મોટરમા ૧/૪ હીસ્સો હોવા છતા વાદીને તેનો ઉપયોગ કરતા પ્રતિવાદીઓ અટકાવી રહયા છે. પ્ર તિવાદીઓ ૧ થી ૪ ના ઓ છેલ્લા ત્રણ ચાર દિવસથી વાદીના કબજામા તથા વાપર ઉપભોગમા અવરોધ કરી રહેલ હોવાથી પ્રતિવાદીઓ કે તેમના મળતીયાઓ વાદીના કબજા ભોગવટાવાળી મીલકત મોજે ગામ મિત્રાલ તા. વસો ની સીમ ના સર્વે નં. ૪૩૦–અ તથા ૪૩૦–બ પૈકી ગ્રામ પંચાયત ઘર નં. ૧૪૫ વાળી મીલકતના કબજા ભોગવટામા હેલો હરકત અંતરાય કરે કરાવ ેનહી તેવા કાયમી મનાઈહુકમની માગણી કરેલ છે. તથા મોજે મીત્રાલ તા. વસો બ્લોક /સર્વે નં. ૪૩૦–અ તથા બ તથા ગ્રામ પંચાયત ઘર નં. ૧૪૫ તથા મીત્રાલ સીમમા આવેલ બ્લોક નં. ૪૨૩ મા કુવો તથા ઈલેકટ્રીક મોટર મા ૧/૪ ભાગ

મેળવવા હકદાર છે તેમ ઠરાવવા દાવો કરી દાદ માંગેલ છે.

(૨) પ્રતિવાદીઓને ધોરણસર સમન્સની બજવણી થતા તેમના વિ.વશ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી લેખીત જવાબ આપેલ છે. જેમા વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખરી ના હોય તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓના કબજામાં ગુજરનાર ઉમરાવબીબી એહમદમીયા ઉર્ફે કડુમીયા ની વિધવા પત્નીના નામે ચાલતી મિલ્કતના બ્લોક નં. ૪૩૦/અ, તથા ૪૩૦/બ, તથા ૪૨૩વાળી જમીન પ્ર ા.વાદીઓના કબજામા છે. અને રેકર્ડમા પણ પ્રતિવાદીઓના નામે ચાલે છે. વાદીએ ખોટા વીલના આધારે તલાટી પાસે એન્ટ્રી પડાવેલી, જે એન્ટ્રી મામલતદાર સાહેબે મંજુર કરેલી તેના આધારે પ્રા.વાદીઓએ નાયબ કલેકકટર રુબરુ અપીલ કરેલી જે મંજુર કરેલી . અને કલેકટર સાહેબે તથા મહેસુલ પંચે વાદીની અરજી કાઢી નાખેલી ગામ નમુના નં. ૮ મા પ્રા.વાદીઓનુ નામ દાખલ થયેલ છે. ખેતરમા આવેલ કુવાના બીલ પ્રા.વાદીઓ ભરે છે. વાદીએ ઉમરાવબીબી નુ જે વીલ તા. ૧૬/૧૧/૯૪ ના રોજ રજી. કરયા અંગેનુ જણાવે છે. ઉમરાવબીબી તા. ૧૬/૧૧/૯૭ ના રોજ ગુજરી ગયેલા રેકર્ડમા એન્ટ્રી ૭ વર્ષ બાદ એટલે કે , ૧૯/૧૧/૦૪ ના રોજ પડાવેલ છે. જે તલાટી સાહેબ રૂબરૂ મોડી પડાવેલ છે. જેની સ્પષ્ટતા વાદીએ કરેલી નથી. મુસ્લીમ કાયદા મુજબ ૧/૩ થી વધુ મીલકતનુ વીલ કરી શકે નહી. જેથી દાવો અરજી રદ કરવા જણાવેલ છે.

(૩) વાદીઓ તરફે તેઓના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

## (એ). મૌખીક પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | આંક–૬૨ | ઈમરાનખાન બીસ્મીલ્લાખાન પઠાણનુ સરતપાસનુ સોગંદનામુ |
| ૨. | આંક–૯૧ | પ્રા.વાદી તરફે ફખરુદીને કરેલ વારસાઈ સોગંદનામુ ૫/૬/૧૫ પેઢી નામા સાથે |
| ૩. | આંક–૧૦૪ | વાદી તરફે વાહીત નજીરમીયા યુસુફમીયા ભઠ્ઠી નુ સોગંદનામુ |

## (બી) દસ્તાવેજી પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | આંક– ૬૪ | દાવાવાળી જમીન પૈકી જુના સ.નં. ૩૧૬/૨ અંગે કૃષિ પંચ મામલતદારશ્રી એ જમીન ખરીદીનુ પ્રમાણપત્ર તા. ૨૯/૪/૬૧ |
| ૨. | આંક– ૬૫ | દાવાવાળી જમીન પૈકી જુના સ.નં. ૩૧૬/૨ નુ નં. –૯ નુ પ્રમાણપત્ર રજી. નં. ૯૩૦ |
| ૩. | આંક– ૬૬ | દાવાવાળી જમીન પૈકી જુના–૨ બે ની મામ.શ્રી કૃષિ પંચે ફોર્મ–ખ ની આપેલ નોટીસ |
| ૪. | આંક– ૬૭ | દાવાવાળી જમીનો જુનાસ.નં. નુ એકત્રીકરણ થઈ બ્લોક નં. પડેલ જે એકત્રીકરણ તખ્તાની અસલ નકલ મુળમાલીક ઉમરાવબીબી ના નામનુ. |
| ૫. | આંક– ૬૮ | દાવાવાળી જમીન ખાતા નં. ૫૦ નોઉતારો જેમા વીલ કરનાર મુળ માલીક ઉમરાવ બીબનીના નામનુ |
| ૬. | આંક– ૬૯ | દાવાવાળી જમીન ૪૩૦–અ ની જુની નકલ અસલ |
| ૭. | આંક– ૭૦ | દાવાવાળી જમીન બ્લોક નં. ૪૩૦ ની /અ ની અસલ નકલ |
| ૮. | આંક– ૭૧ | દાવાવાળી જમીનનો। ખાતાનો ઉતારો |
| ૯. | આંક– ૭૨ | દાવાવાળી જમીન બ્લોક નં. ૪૩૦/અ વર્ષ ૧૯૮૭–૮૮ |
| ૧૦ | આંક– ૭૩ | દાવાવાળી જમીન બ્લોક નં. ૪૩૦/બ વર્ષ ૧૯૮૭–૮૮ |
| ૧૧ | આંક– ૭૪ | દાવાવાળી જમીનનુ મહેસુલ મુળ માલીક ઉમરાવબીબી |

| | | |
|---|---|---|
| | | વતીથી હસ્તે વાદીના મર્હુમ બીસ્મીલ્લા એ ભરેલ મહેસુલ પાવતી ત્રણ (૧) ૪/૬/૮૪ (૨) ૪/૬/૮૪ (૩) ૪/૬/૮૪ |
| ૧૨ | આંક– ૭૫ | આંક–૭૫ દાવાવાળી જમીનના મુળ માલીક ઉમરાવ બીબી એ તેમની હયાતીમા વાદી ના મર્હુમ તથા પ્રા.વાદીઓના લાભમા કર.લ રજી.વીલ નં. ૩૪૮૭/૧૯૯૪ તા. ૧૬/૧૧/૯૪ નુ અસલ વીલ |
| ૧૩ | આંક– ૭૬ | આંક–૭૬ વીલ મા દર્શાવેલ ઘર નં. ૧૪૫ તથા ૧૪૦ પંચાયતના માગણાની બીલની પહોચ. મુળ માલીક ઉમરાવબીબી ના નામની પહોચ. |
| ૧૪ | આંક– ૭૭ | દાવાવાળી મીલકત ઘર નં. ૧૪૫ વીલ મા દર્શાવેલ માગણા બીલ ની પહોચ નં. ૧૫૫૮૬ |
| ૧૫ | આંક– ૭૮ | ઘર નં. ૧૪૫ ની પહોચ ટેક્ષ ઘર વેરો ભર્યાની નં. ૨૭૩૩૦ |
| ૧૬ | આંક–૭૯ | ઘર નં. ૧૪૫ વાદીના મર્હુમ ને ઉમરાવબીબી ની હયાતીમા પ્રા.વાદીએએ કરી આપેલ કરાર તા. ૧૬/૧૧/૯૪ નો |
| ૧૭ | આંક–૮૦ | ઉમરાવબીબી ના મરણનોદાખલો મ.તા. ૧૬/૬/૯૭ |
| ૧૮ | આંક– ૮૧ | વાદીના મર્હુમ બીસ્મીલ્લાના મરણનો દાખલો મરણ તા. ૨૬/૧/૧૦ |
| ૧૯ | આંક– ૮૨ | મર્હુમ બીસ્મીલ્લાનુ અસલ પેઢીનામુ |
| ૨૦ | આંક– ૮૩ | ઘર નં. ૧૪૫ જુના ને બદલે નવોં નં. ૧૭૭ થયેલ જે વાદીના મર્હુમ ના નામે થયેલ તેઆકારણી પત્રક વર્ષ ૨૦૦૬'૦૭ |
| ૨૧ | આંક– ૮૪ | વર્ષ ૨૦૧૧–૧૨ ઘર નં. ૧૭૭ (જુનો નં. ૧૪૫) ના આકારણી પત્રકની અસલ નકલ વર્ષ ૨૦૧૧–૧૨ |
| ૨૨ | આંક– ૮૫ | ઘર નં. ૧૭૭ જુના ને બદલે નવો ઘરર નં. ૧૯૧ થયો તેની આકારણી પત્રકની નકલ વર્ષ ૧૬–૧૭ |
| ૨૩ | આંક– ૮૬ | ઘર નં. ૧૭૭ નો વાદીના નામે ભરેલ પાવતી નં. ૭૧૧૦૧ વર્ષ ૨૦૧૨–૨૦૧૩ |
| ૨૪ | આંક– ૮૭ | ઘરનં. ૧૭૭ નો ૧૯૧ આકારણી પત્રકે થયેલ |

| | | |
|---|---|---|
| | | તેનો વેરો ભર્યાની પાવતી નં. ૦૩૮ તા. ૧૦/૮/૧૬ |
| ૨૫ | આંક– ૮૮ | દાવાવાળી જમીન અંગેમામલતદારશ્રી<br>એ ક્ષતિ સુધારાનો હુકમ કરી<br>પ્રા.વાદીઓ ના નામ કમી કર્યા નો હુકમ |
| ૨૬ | આંક– ૮૯ | મામ.શ્રીના ક્ષતિ સુધારાના હુકમની નોધ નં. ૧૦૨૭૦<br>દાખલ થઈ તે એન્ટ્રીની નકલ અસલ |
| ૨૭ | આંક– ૯૦ | પ્રા.વાદીઓએ દાવાવાળી જમીન અંગે વારસાઈ કરવા<br>માટે મામ.શ્રી એઆપેલ અરજી |
| ૨૮ | આંક– ૯૨ | પ્રા.વાદીઓએ તેમનુ નામ કમી થયા પછી ફરીથીવારસાઈ<br>નોધ નં. ૦૨૯૯ પડાવેલ તેકાચી નોધ તા. ૧૭/૬/૧<br>૫ ની |
| ૨૯ | આંક– ૯૩ | એન્ટ્રી નં. ૧૦૨૯૯ ની કાચી વારસાઈનોધ<br>અંગે વાદીએ મામ.શ્રી વસો એ આપેલ વાધા અરજી. |
| ૩૦ | આંક– ૯૪ | એન્ટ્રી નં. ૧૦૨૯૯ વાદીની વાધા અરજી થી તકરારી ની<br>નોધ થઈ તેની નકલ અસલ |
| ૩૧ | આંક– ૯૫ | દાવાવાળી જમીન બ્લોક નં. ૪૩૦/અ પૈકી ૧ ની નં. ૭ ની<br>અસલ નકલ ઉમરાવબીબી ના નામની |
| ૩૨ | આક–૯૬ | બ્લોક નં. ૪૩૦/અ પૈકી ૧ નો ખાતાનો ઉતારો ખાતા<br>નં. ૧૧૯૧ ઉમરાવબીબી ના નામનો |
| ૩૩ | આંક–૯૭ | દાવાવાળી જમીન બ્લોક નં. ૪૩૦/બ પૈકી – ૨ નો નં. ૭<br>ની નકલ અસલ ઉમરાવ બીબી ના નામની |
| ૩૪ | આંક–૯૮ | બ્લોક નં. ૪૩૦/બ પૈકી–૨ નો ખાતાનો ઉતારો ખાતા<br>નં. ૧૧૯૨ ઉમરાવબીબી ના નામનો |
| ૩૫ | આંક–૯૯ | દાવાવાળી ખેતીની જમીન અંગે પ્રા.વાદીઓ એ વારસાઈ<br>નોધ અંગે કરેલ આર.ટી.એસ. આર.એ ૪૧૫/૧૫–૧૬<br>અંગે ના મંજુરનો જીલ્લા કલેકટરશ્રી એ કરેલ અસલ હુકમ<br>તા. ૧૮/૮/૧૭ |
| ૩૬ | આંક–૧૦૦ | જીલ્લા કલેકટરશ્રી ના હુકમ ના આધારે દાવાવાળી જમીનના<br>હકક પત્રકમા હુકમના નેજા હેઠળ પડેલ એન્ટ્રી ફે.નોધ<br>નં. ૧૦૭૨૮ ની અસલ નકલ તા. ૨૯/૮/૨૦૧૭ ની |
| ૩૭ | આંક–૧૦૫ | વાદી તરફે રજુ થયેલ અસલ રેશનકાર્ડ |

| | | |
|---|---|---|
| ૩૮ | આંક–૧૦૬ | વાદી તરફે રજુ થયેલ અસલ રેશનકાર્ડ |
| ૩૯ | આંક–૧૦૭ | વાદી એ રજુ કરેલ અધીક સચીવશ્રી નો ઓર્ડર |
| ૪૦ | આંક–૧૦૯ | બ્લોક નં. ૪૩૦–અ તથા ૪૩૦–બ પૈકીની જમીન પ્ર ા.વાદીને વીલથી મળેલ તેમના હીસ્સાની વ્રાહીત ને વેચાણ કરી આપેલ તેની નકલ |
| ૪૧ | આક–૧૧૨ | વાદી તરફે સદરુમીયા જીવામીયા નુ સોગંદનામુ |
| ૪૨ | આંક–૧૧૩ | વાદી તરફે કલોઝીંગ પુરસીસ |

(૪) પ્રતિવાદીઓ તરફે તેઓના સમર્થનમાં નીચેના પુરાવા રજુ કરેલ છે.

## (એ) મૌખીક પુરાવા.

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૧૮ | પ્રતિવાદી સલીમમીયા સીકંદરમીયા ભઠ્ઠીનુ સરતપાસનુ એફીડેવીટ |

## (બી) દસ્તાવેજી પુરાવા

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૨૧ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા.૨૬/૭/૦૦ |
| ૨. | આંક–૧૨૨ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૬/૭/૦૯ |
| ૩. | આંક–૧૨૩ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૬/૭/૦૯ |
| ૪. | આંક–૧૨૪ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૧૭/૭/૦૨ |
| ૫. | આંક–૧૨૫ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૧૧/૭/૦૨ |
| ૬. | આંક–૧૨૬ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૧૯/૬/૦૨ |
| ૭. | આંક–૧૨૭ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૨૩/૨/૦૭ |
| ૮. | આંક–૧૨૮ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા.૧૯/૮/૧૬ |
| ૯. | આંક–૧૨૯ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૧૯/૮/૧૬ |
| ૧૦. | આંક–૧૩૦ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૬/૯/૧૭ |
| ૧૧. | આંક–૧૩૧ | ખાતા નં. ૪૭ નુ મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૬/૯/૧૭ |
| ૧૨. | આંક–૧૩૨ | ગામ નમુના નં.૯ શિક્ષણ ઉપકરણની પહોચ અસલ તા. ૬/૯/૧૭ |

| | | |
|---|---|---|
| ૧૩. | આંક–૧૩૩ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકરણ) ની પહોચ અસલ ૨૬/૭/૦૦ |
| ૧૪ | આંક–૧૩૪ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં.૯ (શિક્ષણ ઉપકરણ) ની પહોચ અસલ તા. ૨૦/૨/૧૭ |
| ૧૫ | આંક–૧૩૫ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં.૯ (શિક્ષણ ઉપકરણ) ની પહોચ અસલ તા. ૧૧/૭/૦૨ |
| ૧૬ | આંક–૧૩૬ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૦૮/૭/૧૩ |
| ૧૭ | આંક–૧૩૭ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૨૧/૭/૧૪ |
| ૧૮ | આંક–૧૩૮ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૧૦/૭/૧૫ |
| ૧૯ | આંક–૧૩૯ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૨૦/૬/૧૨ |
| ૨૦ | આંક–૧૪૦ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૨૧/૬/૧૦ |
| ૨૧ | આંક–૧૪૧ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની ની પહોચ અસલ તા. ૨૨/૭/૧૭ |
| ૨૨. | આંક–૧૪૨ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૨૨/૭/૧૭ |
| ૨૩. | આંક–૧૪૩ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૨૧/૦૬/૧૦ |
| ૨૪. | આંક–૧૪૪ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૦૮/૦૭/૧૩ |
| ૨૫. | આંક–૧૪૫ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૨૨/૭/૧૭ |
| ૨૬. | આંક–૧૪૬ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૨૧/૭/૧૪ |
| ૨૭. | આંક–૧૪૭ | ખાતા નં. ૪૭ ની ગામ નમુના નં. ૯ (શિક્ષણ ઉપકર) ની પહોચ અસલ તા. ૬/૬/૦૧ |
| ૨૮. | આંક–૧૪૮ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૬/૬/૦૧ |
| ૨૯. | આંક–૧૪૯ | ખાતા નં. ૪૭ ની મહેસુલ ભર્યાની પહોચ અસલ તા. ૨૩/૬/૦૪ |
| ૩૦ | આંક–૧૫૦ | ઘર નં. ૧૬૭ નો વેરો ભર્યાની પહોચ તા. ૨૩/૦૬/૦૪ |
| ૩૧ | આંક–૧૫૧ | ઘર નં. ૧૭૨ નો વેરો ભર્યાની પહોચ તા. ૨૧/૦૬/૧૦ |
| ૩૨ | આંક–૧૫૨ | ઘર નં. ૧ ૮૬ નો વેરો ભર્યાની પહોચ તા. ૨૧/૦૭/૧૪ |

| | | |
|---|---|---|
| ૩૩ | આંક–૧૫૩ | મિત્રાલ ગ્રા.પં. દાખલાની નકલ તા. ૧૬/૧/૧૮ |
| ૩૪ | આંક–૧૫૪ | સને ૨૦૧૬–૧૭ ના ઘર માટે મોજે મીત્રાલ ના મકાન ની આકારણીના દાખલાની અસલ (ઘર નં. ૧૮૬ કસ્બામા) તા. ૧૯/૮/૧ |
| ૩૫ | આંક–૧૭૧ | પ્રતિવાદી તરફે કલોઝીંગ પુરસીસ |

(૫) ત્યારબાદ કેસના ન્યાયનિર્ણય સારુ મારા પુરોગામી જજ શ્રી એ આક–૫૭ થી નીચે મુજબના મુદ્દા કાઢેલ છે.

**<u>–: મુદ્દા :–</u>**

૧. શુ વાદી સાબીત કરે છે કે, વાદવાળી મિલકત તેમને વિલના રૂએ પ્રાપ્ત થયેલ છે અને તેમના કબજા ભોગવટા તથા માલીકીની રહેલી છે. ?

૨. શુ વાદી સાબીત કરે છે કે, વાદવાળી મિલકતમા પ્રતિવાદીઓ અવરોધ અંતરાય કરી રહેલ છે અને દાવાના વિગતે રે.સ.નં. ૪૩૦–અ મા તથા ઘર નં. ૧ ૪૫ તથા બ્લોક નં. ૧૪૫ મા આવેલ કુવો તથા ઈલેકટ્રીક મોટર વિગેરેમા ૧/૪ ભાગ મેળવવા હકકદાર છે. ?

૩ શું પ્રતિવાદીસાબીતકરે છે કે,વાદવાળીજમીનનો કબજો ભોગવટો તેમનો રહેલો છે. ?

૪. શુ પ્રતિવાદી સાબીત કરે છે કે વાદીએ બનાવટી અને બોગસ વિલ ઉમરાવબીબી ના નામનુ ઉભુ કરેલ છે. ?

૫. શુ વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬ શુ હુકમ અને હુકમનામુ ?

(૬) **<u>જવાબ</u>**

૧. હકારમાં

૨. હકારમાં

૩. નકારમાં

૪ નકારમાં

૫. હકારમાં

૬ આખરી હુકમ મુજબ

**<u>કારણો</u>**

(૭) **<u>મુદ્દા નં.૧ ચર્ચા :-</u>**

હાલના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં. ૧ અનુસંધાને **ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ વંચાણે લેતા** ના પ્રથમ ભાગ મુજબ '' જે કોઈ વ્યકિત એમ ઈચ્છતા હોયકે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેસલો આપે તો તેણે સાબીત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. ''

ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જયારે પ્રતિવાદીએ વાંધો વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી ઘ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઈએ. પરંતુ તે નકારાત્મક રીતે ના સાબીત થવી જરુરી નથી. વાદીએ પોતાનો કેસ પોતાની

રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ.વાદી તે પ્રા.વાદીની નબળાઈનો લાભ લઈ શકે નહી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૦૧ નો પ્રારંભીક બોજો હંમેશા વાદીના શીરે રહે છે અને જો વાદી તેનુ પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબીત કરે ત્યારે પ્રા.વાદીના શીરે એવા એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે, વાદી દાવા અરજીમા માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. આમ ઉપરની જોગવાઈ ધ્યાને લેતા કોઈ પક્ષકાર પોતાની તરફેણમા ચુકાદો આવે તેવુ ઈચ્છતો હોય ત્યારે તેવી હકીકત અને આક્ષેપ પુરવાર કરવા જરુરી છે અને જેથી જયારે કોઈ પક્ષકાર પોતાના કબજામા રહેલ શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરે ત્યારે પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરુધ્ધનુ અનુમાન થાય છે.

આ કામે દાવાવાળી મિલકત વાદીને વીલથી મળેલ છે, તેમજ તેનો સ્વતંત્ર કબજો ભોગવટો વાદીનો છે, તેમ વાદીએ પુરવાર કરવાનું રહે છે. વાદી તરફે તેઓની દાવા અરજીના સમર્થનમાં આંક–૬૨ થી ગુજરનાર બિસમીલ્લાખાન સીતાબખાન પઠાણના વારસદાર ઈમરાનખાન બિસમીલ્લાખાને સોગંદ ઉપર જુબાની આપેલ છે. આંક–૬૨ ના એફીડેવીટમાં વાદીએ તેઓની દાવા અરજીમાં જણાવેલ વિગતોને સોગંદ ઉપર સમર્થન આપેલ છે. જેમાં સરતપાસમાં જણાવેલ છે કે, આંક–૭૫ થી આ કામે રજૂ થયેલ વીલ મુજબ ગુજરનાર ઉમરાવબીબીએ મિત્રાલ ગામે રેવન્યુ સર્વે નં.૪૩૦/અ તથા ૪૩૦/બ વાળી મિલકત વાદીને પ્રાપ્ત થયેલી છે. સદરહુ વીલ મુજબ દાવાવાળી સદર મિલકતોનો કબજો ભોગવટો વાદીનો છે. ગુજરનાર ઉમરાવબીબી હયાત હતા ત્યારે વાદીની સાથે બોલતા હતા અને ગુજરનાર

ઉમરાવબીબીના પતિ અહેમદમીયાએ સ્વકમાણીમાંથી સદર મિલકત વેચાણ રાખેલી હતી અને અહેમદમીયાના અવસાન બાદ તેઓના પત્નિ તરીકે ઉમરાવબીબીને સદર મિલકતો પ્રાપ્ત થયેલી. સદર ઉમરાવબીબીને કોઇ સંતાન હતા નહીં. તેઓ પણ નિર્વંશ ગુજરી ગયેલા. સદર ઉમરાવબીબીએ તેઓની હયાતીમાં તા.૧૬/૧૧/૯૮ ના રોજ રજીસ્ટર્ડ વીલ નં.૩૪૮૭/૯૪ થી દાવાવાળી મિલકતો અંગે વીલ તૈયાર કરેલું. જે મુજબ આ કામના વાદી તથા પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતોમાં હીસ્સો નક્કી કરેલ તથા બ્લોક નં.૪૨૩ માં આવેલ ઈલેક્ટ્રીક મોટર કુવામાં વાદીને ૧/૪ હીસ્સો આપેલ, જે સાથે પ્રતિવાદીઓને પણ સરખો હીસ્સો આપેલ.

સદર વાદીની પ્રતિવાદીઓ દ્વારા ઉલટતપાસ થયેલી છે, જેમાં વાદીએ કબુલ રાખેલ છે કે ગુજરનાર અહેમદમીયા નથ્થુમીયા ભટ્ટી તેઓના મામા થાય છે તે બતાવતો કોઇ આધાર પુરાવો રજૂ રાખેલ નથી. તેમજ પ્રતિવાદીઓ ગુજરનાર બાજીતમીયાના વારસો છે તે હકીકત પણ વાદીએ સ્વીકારેલી છે. વધુમાં ઉલટતપાસમાં દાવાવાળી જમીનમાં આવેલા કુવાનું લાઇટ બીલ પ્રતિવાદીઓ ભરતા આવેલા છે કે કેમ તેની વાદીને ખબર નથી. વધુમાં વાદીએ દાવાવાળી મિલકતોમાં રેવન્યુ રેકર્ડમાં થયેલ એન્ટ્રીઓ રદ્દ થયેલ છે તેની જાણ છે તેમ જણાવેલ છે. તેમજ મુસ્લીમ કાયદા મુજબ ૧/૩ થી વધુ મિલકતનું વીલ થઇ શકે નહીં તેમ વાદી જાણે છે તે હકીકતનો સ્વીકાર કરેલ છે. તે સીવાય અન્ય વિગતોનો ઉલટતપાસમાં વાદીએ ઈન્કાર કરેલો છે.

વાદીના મૌખિક પુરાવા સાથે આંક-૭૫ થી રજૂ થયેલ વીલ વંચાણે લેવામાં આવે તો સને-૧૯૯૪ માં સદરહુ વીલ નડીઆદ સબ-રજીસ્ટ્રારની કચેરીમાં રજીસ્ટર્ડ થયેલ છે. જે વીલ વંચાણે લેતાં ગુજરનાર ઉમરાવબીબીએ તેઓના નામે ચાલતી આવેલી અને પોતાના ભોગવટા વપરાશની મિલકતોના સ્વતંત્ર માલીક છે તેમ જણાવી તેઓના ભત્રીજા ફકરૂમીયા બાજીતમીયા તથા સીકંદરમીયા બાજીતમીયા તથા હબીબમીયા તેમજ તેઓના ભાણા બિસમીલ્લાખાન સીતાબખાન પઠાણ આ ચારેય

જણાઓએ ગુજરનારની સેવા–ચાકરી તથા ભરણપોષણ અને મિલકતોનો વહીવટ કરેલ હોય, સદર વીલથી મિલકતોની વહેંચણી કરેલ છે. જે મુજબ વાદીના ગુજરનાર પિતા બિસમીલ્લાખાન સીતાબખાનને ઘર નં.૧૪૫ તથા પડતર જમીન બ્લોક નં.૪૩૦/અ, ૪૩૦/બ પૈકી ૦–૮૭–૨૩ હે.આ.વાળી જમીન આપેલી છે. તેમજ બ્લોક નં.૪૨૩ માં આવેલ કુવો તથા ઈલેક્ટ્રીક મોટરમાં ૧/૪ ભાગ આપેલો છે. આમ સદરહુ વીલ રજીસ્ટર્ડ થયેલ છે. જે સાથે એવીડન્સ એક્ટની કલમ– 67 વંચાણે લેતાં વીલને પુરવાર કરવા માટે વીલમાં સહી કરનાર સાક્ષીઓને તપાસવા જરૂરી છે.

આંક–૧૦૪ થી આ કામના સાહેદ નજીરમીયા યુસુફમીયા ભટ્ટીને તપાસવામાં આવેલ છે, જેઓએ વીલમાં સાક્ષી તરીકે સહી કરેલ છે. સદર સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે, ગુજરનાર ઉમરાવબીબીએ તેમની હયાતીમાં તેઓને વારસમાં કોઈ સંતાન ન હોય વર્ષ ૧૯૯૪ માં વીલ યાની વસીયતનામુ કરેલું જે સબરજીસ્ટ્રાર કચેરી નડીઆદમાં રજીસ્ટર્ડ થયેલ છે. સદરહુ વીલમાં વાદી તથા પ્રતિવાદીઓને સરખે હીસ્સે મિલકતો આપેલ છે. સદર સાહેદ ગુજરનાર ઉમરાવબીબી અહેમદમીયાના કહેવાથી તેઓની સાથે અન્ય સાક્ષી અમદુમીયા ઈજમતમીયા મલેક તથા બદરૂદ્દીન અલ્લાઉદ્દીન ભટ્ટી સાથે ઉમરાવબીબીના કહેવાથી કચેરીમાં ગયેલા અને સબ–રજીસ્ટ્રાર સમક્ષ જાતે સહી કરેલી. તેમજ ગુજરનાર ઉમરાવબીબીના અંગુઠાનું નિશાન બદરૂદ્દીન અલ્લાઉદ્દીન ભટ્ટીએ સદર સાહેદની રૂબરૂમાં કરાવેલ. વીલમાં સાક્ષી તરીકે સહી કરનાર અમદુમીયા અવસાન પામેલા છે, તેઓએ પણ સદર સાહેદની હાજરીમાં વીલમાં સાક્ષી તરીકે ઓળખ આપી સહી કરેલી. ત્યારબાદ ગુજરનાર ઉમરાવબીબીના કહેવાથી હાલના સાહેદે પણ સ્વેચ્છાએ સહી કરેલી અને સદર સાક્ષીઓની રૂબરૂમાં ગુજરનાર ઉમરાવબીબીએ વીલમાં અંગુઠો કરેલો.

ઉલટતપાસમાં સદર સાહેદે કબુલ રાખેલ છે કે, ઉમરાવબીબી કેટલા વર્ષની ઉંમરે ગુજરી ગયેલા તેની ખબર નથી તથા ઉમરાવબીબીના ઘરે જતા ન હતા

તથા ઉમરાવબીબીની હયાતીમાં તેમને અવાર નવાર મળવાનો પ્રસંગ થતો ન હતો. તેમજ ઉમરાવબીબી ઉંમરના લીધે ઘરે બેસી રહેતા કે કેમ તેની ખબર નથી. ત્યારબાદ સદર સાહેદે જણાવેલ છે કે ઉમરાવબીબી સાથે કોઇ જગ્યાએ ગયેલા નથી. તેમજ પ્રતિવાદીઓ સાથે સદર સાહેદને કોઇ સંબંધ નથી.

આંક–૭૫ થી ગુજરનાર ઉમરાવબીબીનું વીલ રજૂ થયેલ છે, જે રજીસ્ટર્ડ વીલ છે. તેમજ સને–૧૯૯૪ માં કરવામાં આવેલ છે. જે વીલના આધારે આ કામના વાદી તથા પ્રતિવાદીઓને ગુજરનારની મિલકતો મળેલ છે. વધુમાં આંક–૭૯ થી ઘરનો(ઓરડી)નો કરાર રજૂ રાખેલ છે, જે તા.૧૬/૧૧/૯૪ ના રોજ રૂ.૧૦/– ના સ્ટેમ્પ ઉપર વાદીના પિતા તથા પ્રતિવાદી નં.૧ અને ૨ તથા ૪ વચ્ચે થયેલો છે. જેમાં લખી લેનાર તરીકે વાદીના પિતા તથા લખી આપનાર તરીકે પ્રતિવાદીઓનું નામ અને સહી છે. જે અસલ કરાર વંચાણે લેતાં, ગુજરનાર ઉરાવબીબીએ પંચ રૂબરૂ એક રજીસ્ટર્ડ વીલ લેખ કરી આપેલ તે મુજબ વાદી દાવાવાળી મિલકત–ઓરડીના માલીક છે અને વાદીના પિતાનો ભોગવટો છે, જેમાં પ્રતિવાદીઓ કે તેઓના વંશ વારસોને વાંધો હરકત નથી તેમ જણાવે છે. જે કરાર પ્રતિવાદીઓએ ચેલેન્જ કરેલ નથી કે સદર કરાર ખોટો છે તેવી પ્રતિવાદીઓ ની દલીલ નથી. તેમજ સદરહુ કરારમાં પ્રતિવાદીઓની સહી નથી, તેવો પણ પ્રતિવાદીઓનો કોઇ કેસ નથી. વધુમાં ગુજરનાર ઉમરાવબીબીએ આંક–૭૫ થી રજૂ વીલ સને–૧૯૯૪ માં કરેલ છે, તે વીલ મુજબ દરેક પક્ષકારોને મિલકતની ફાળવણી થયેલી છે, તે વીલ ની કાયદેસરતાને પ્રતિવાદીઓએ આજદીન સુધી ચેલેન્જડ કરેલ નથી. તેમજ સદરહુ વીલ મુજબ પ્રતિવાદીને પણ મિલકતો મળેલી છે. જે આંક–૧૧૧ થી પ્રતિવાદી નં.૨ એ તેઓના ભાગે વીલ મુજબ આવેલી મિલકત વેચાણ કરાર કરેલો છે જે અસલ રજુ છે, જેમાં પણ વીલથી મિલકત મળેલાનો ઉલ્લેખ કરેલ છે. જે હકીકત ધ્યાને લેતાં પ્રતિવાદીઓને પણ વીલ જે તે સમયે કબુલ મંજુર હતું અને તે મુજબ મિલકત ફાળવણી થયેલી છે તેનો પ્રતિવાદીઓએ સ્વીકાર

કરેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ આંક–૭૯ માં પ્રતિવાદીઓએ કબુલ રાખેલ છે કે તેઓએ દાવાવાળી મિલકતનો કબજો ભોગવટો વાદીને આપેલો છે. **એવીડન્સ એકટ નકલ 115** ની જોગવાઈ મુજબ એસ્ટોપલ નો સિધ્ધાંત ધ્યાને લેતા

(૮) <u>**એવીડન્સ એકટ–કલમ ૧૧૫ – Estoppel**</u>

**when one person has,by his declaration ,act or omission,intentionally caused or permitted another person to believe a thing to be true and to act upon such belief,neither he or his representative shall be allowed ,in any suit or proceeding between himself and such person or his representative ,to deny the truth of that thing**.

ઉપરોકત જોગવાઈ હાલ ના કેસ મા પણ લાગુ પડે છે. હાલ ના કેસ મા પણ પ્રતિવાદીઓએ આંક ૭૫ થી રજુ વીલ સને.૧૯૯૪ મા રજીસ્ટ્રર્ડ થયુ અને ત્યારબાદ ઉમરાવબીબીના અવસાન બાદ થી તેમજ આંક ૭૯ ના પ્ર તિવાદીઓએ પોતે કરી આપેલ ઘર – ઓરડીના કરાર કર્યા બાદ થી હાલ નો દાવો વાદીએ દાખલ કર્યો ત્યાસુધી ગુજરનાર ઉમરાવબીબી ને મુસ્લિમ પર્સનલ લો મુજબ પુરેપુરી મિલ્કત નુ વીલ કરવાની સતા હતી તેમજ વીલ મુજબ દાવાવાળી મિલ્કત વાદી ને મળેલ છે અને આંક ૭૯ મુજબ પ્રતિવાદીઓ

એ પોતે દાવાવાળી મિલ્કતમાંથી હક્ક જતો કરેલ છે તેમ પ્રતિવાદીઓના આવા કૃત્ય થી વીલ મુજબ દાવાવાળી મિલ્કત વાદીની માલિકી ની થાય છે તેમ વાદી ને માનવા દીધેલ છે. અને ત્યારબાદ જ્યારે વાદી હાલનો દાવો લાવેલા છે ત્યારે પ્રતિવાદીઓ ને વીલ ની કાયદેસરતા પડકારતો દાવો લાવ્યા સિવાય વાદી ને વીલ થી મિલ્કત મળવાપાત્ર નથી તેમ માનવા દેવામાં આવશે નહિ. અને ઉપરોકત ચર્ચા મુજબ જયારે પ્રતિવાદીઓ એ પોતે દાવાવાળી મિલ્કતમાંથી હક્ક જતો કરેલ છે ત્યારે પ્રતિવાદીઓને તે હકિકતનો ઈન્કાર કરવા દેવામાં આવશે નહિ .જેથી ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા વાદીએ મુદ્દા નં.૧ પુરવાર કરેલ હોય મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૯) **<u>મુદ્દા નં.૨ ચર્ચા :–</u>**

આ કામે આંક–૭૫ વાળુ વીલ ખરૂ હોવાનું વાદીએ પુરવાર કરેલ છે. જે વંચાણે લેતાં સદરહુ વીલમાં આ કામના પ્રતિવાદીઓ તથા વાદીના ગુજરનાર પિતા એમ બધાને બ્લોક નં.૪૨૩ માં આવેલ કુવો તથા ઈલેક્ટ્રીક મોટરમાં ૧/૪ ભાગ વહેંચણી ભાગમાં લેવા ઠરાવું છું તેમ ગુજરનાર ઉમરાવબીબીએ લખાણ કરેલ છે. તેમજ ઘર નં.૧૪૫ વાદી નં.૧ ના ગુજરનાર પતિ તથા વાદી નં.૩ ના પિતાને વહેંચણી ભાગે આપેલ છે. જે વીલ આજદીન સુધી અનચેલેન્જડ રહેલ છે. તેમજ વીલ મુજબ દરેક પક્ષકારની જે મિલકત વહેંચણી ભાગમાં મળેલ છે તે મિલકત જે તે પક્ષકારોના કબજા ભોગવટામાં રહેલ છે. જેથી વીલ મુજબ વાદી ગુજરનાર ઉમરાવબીબીની માલીકીનું ઘર નં.૧૪૫

તથા બ્લોક નં.૧૪૫ માં આવેલ કુવો તથા ઈલેક્ટ્રીક મોટરમાં ૧/૪ ભાગ મેળવવા હક્કદાર બને છે. તે મુજબ મુદ્દા નં.૨ નો હકારમાં જવાબ આપવામાં આવે છે.

(૧૦) **<u>મુદ્દા નં.૩ અને ૪ ની સંયુકત ચર્ચા</u>**

આ કામે ઉપરોક્ત મુદ્દા નં.૧ ની ચર્ચા મુજબ દાવાવાળી મિલકતમાં વાદીનો કબજો ભોગવટો છે તેમ પુરવાર થયેલ હોય મુદ્દા નં.૩ નો નકારમાં જવાબ આપવામાં આવે છે. મુદ્દા નં.૪ પુરવાર કરવા પ્રતિવાદીઓ તરફે વીલના સાક્ષીને આંક–૧૦૪ થી ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ ઉલટતપાસમાં વીલ બાબતે પ્રતિવાદીઓ દ્વારા સદર સાહેદને કોઈ સ્પષ્ટ સવાલ પુછવામાં આવેલ નથી. આંક–૭૫ થી રજૂ વીલ આજદીન સુધી પ્રતિવાદીઓએ કોઈ અદાલતમાં ચેલેન્જ કરેલ નથી. પ્રતિવાદીઓએ ગુજરનાર ઉમરાવબીબીના અવસાન બાદ રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલકતમાં નામ ફેર કરાવવા અરજીઓ કરેલ છે, પરંતુ સીવીલ કોર્ટમાં કોઈ દાવો દાખલ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી નં.૨ થી ૫ નાઓએ કોઈ સોગંદ ઉપર જુબાની આપેલ નથી. માત્ર પ્રતિવાદી નં.૧ ના વારસદારે નામદાર કોર્ટ સમક્ષ સોગંદનામુ રજૂ કરેલ છે. જેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે "<u>એ વાત ખરી નથી કે વીલ રદ્દ કરાવવા કોઈ દાવો કરેલ નથી.</u>" પરંતુ પ્રતિવાદીએ વીલને કોઈ દાવો કરી ચેલેન્જ કરેલ હોય તેવો કોઈ લેખિત આધાર પુરાવો પ્રતિવાદીએ આ કામે રજૂ રાખેલ નથી. વધુમાં દાવો કયા સંબંધનો છે તેની પણ સદર પ્રતિવાદી નં.૧ ના વારસદારને ખબર નથી. વધુમાં આંક–૧૧૧ વાળો વેચાણ કરાર વંચાણે લેતાં આ કામના પ્રતિવાદી નં.૨

હબીબખાને તેમાં લખેલ છે કે વેચાણ કરારમાં ઉલ્લેખ કરેલ મિલકત તેમને વીલથી પ્રાપ્ત થયેલી છે. પરંતુ સદર હબીબમીયાએ કોઈ સોગંદ ઉપર પુરાવો આ કામે રજૂ રાખેલ નથી. તેમજ જે વીલને પ્રતિવાદીઓએ આ કામે ચેલેન્જ કરેલ છે તે વીલના આધારે જ પ્રતિવાદી નં.૩ એ આંક–૧૧૧ વાળો વેચાણ કરાર કરેલો છે. પ્રતિવાદીની દલીલ છે કે મુસ્લીમ પર્સનલ લૉ મુજબ મુસ્લીમ વિધવાને ૧/૮ થી વધુ મિલકત મળી શકે નહીં અને ૧/૩ થી વધુ મિલકતનું વીલ થઈ શકે નહીં. પરંતુ **નામદાર મદ્રાસ હાઈકોર્ટે નુરૂનીસા વિ. રહેમાનબી તથા અન્ય, ૨૦૦૧(૩) એમ.એલ.જે. ૧૪૧** ના ચુકાદામાં ઠરાવેલ છે કે " it has been commented that the power of Mohammedan to dispose of by will is circumscribed in two ways and the first limit is to the extent .A Mohammedan can validly bequeath only one third of his net assets ,when there are heirs. This rule is based on a tradition of the prophet and the courts in India have enforced the rule from early times. The object of the rule is to protect the rights of the heirs and where there is no heir and when all the heirs agree and give their consent the one third limit may be exceeded .while the rule is that a Muslim can bequest in excess of one third is rendered valid by consent of the heirs whose rights are infringed thereby or where there are no heirs at all". જે ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત હાલના કેસમાં પણ

લાગુ પડે છે. તેમજ ગુજરનાર ઉમરાવબીબી નિર્વંશ અવસાન પામેલ છે અને તેઓએ હાલના કેસમાં સને ૧૯૯૪ માં ગુજરનાર ઉમરાવબીબીએ વીલ કરી આપેલ છે. જે લોહી ની સબંધ ના વારસદારો ની ગેરહાજરી માં વેલિડ છે. તે મુજબ ગુજરનાર ઉમરાવબીબીને પોતાની માલિકી ની તમામ મિલ્કત વીલ થી ટ્રાન્સફર કરવાની સત્તા છે.જે વીલ પ્રતિવાદીઓએ કબુલ મંજુર રાખેલ અને તે મુજબ તેના ભાગે આવતી મિલકતનો કબજો પણ મેળવેલ છે. તેમજ સદરહુ વીલ ધી રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ ની કલમ-૧૮ મુજબ રજીસ્ટર્ડ કરાવવો કમ્પલસરી ન હોવા છતાં રજીસ્ટર્ડ થયેલ છે. જે વીલના એક સાક્ષી ગુજરી ગયેલ છે તથા અન્ય સાક્ષીને તપાસવામાં આવેલા છે, જેઓએ સરતપાસમાં વીલમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે. ઉલટતપાસમાં પ્રતિવાદીઓના વકીલશ્રી દ્વારા વીલ બાબતે કોઇ સ્પેશીફીક પ્રશ્ન પુછવામાં આવેલ નથી. જેથી આંક-૭૫ થી રજૂ વીલ બનાવટી અને વાદીએ બોગસ ઉભુ કરેલું છે તેમ પ્રતિવાદી પુરવાર કરી શકેલ નથી. જેથી મુદ્દા નં.૩ અને ૪ નો નકારમાં જવાબ આપવામાં આવે છે.

## (૧૧) <u>મુદ્દા નં.પ ની ચર્ચા</u>

કેસનું રેકર્ડ બન્ને પક્ષકારોની દલીલ તથા નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ વંચાણે લેતાં આ કામે ગુજરનાર ઉમરાવબીબીએ સને ૧૯૯૪ માં કરેલ વીલ કે જે આજદીન સુધી ચેલેન્જ થયેલ નથી. તેમજ તે વીલ રજીસ્ટર્ડ થયેલ છે. તેમજ વીલમાં જણાવ્યા મુજબની મિલકતની ફાળવણી જે તે પક્ષકારોને થયેલી છે અને જે તે પક્ષકારોએ હાલનો દાવો કરતા પહેલા તે વીલ મુજબની મિલકતોનો કબજો ભોગવટો મેળવેલ છે. તે મુજબ વાદીને દાવાવાળી મિલકત વીલથી પ્રાપ્ત

થયેલ હોય, ઉપરોક્ત ચર્ચા મુજબ વાદીના કબજા ભોગવટામાં હોય, વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે. જેથી મુદ્દા નં.પ નો હકારમાં જવાબ આપુ છું અને મુદ્દા નં.૬ નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આથી હુકમ કરવામાં આવે છે કે નડીયાદના વસો તાલુકાના મિત્રાલ ગામે સર્વેનં ૪૩૦-અ તથા સર્વે નં. ૪૩૦-બ પૈકી હે.૦.૮૭.૨૩ વાળી જમીન તથા ગ્રમ પંચાયત નં-૧૪૫ વાળી મિલ્કત વાદીની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટા ની છે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) આથી હુકમ કરવામાં આવે છે કે બ્લોક નં-૪૨૩ વાળી જમીનમાં આવેલ કુવો તથા ઈલેકટ્રીક મોટરપંપ મા વાદીનો ૧/૪ ભાગ છે તેમ ઠરાવવામા આવે છે.

(૪) આથી પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે કે વાદીની ભોગવટા વાળી મિલ્કતમાં કોઈ વિરોધ કે અંતરાય ઉભો કરવો નહી.

(૫) હુકમ મુજબ પ્રાથમીક હુકમનામુ કરવુ.

(૬) પ્રાથમીક હુકમનામાં ના અમલવારી ને આધીન આખરી હુકમ તથા તે મુજબ આખરી હુકમનામું કરવુ.

(૭) દાવાનો ખર્ચ બંને પક્ષકારોએ પોતે ભોગવવો.

(૮) હુકમની એક નકલ મે. જીલ્લા કલેકટરશ્રી ખેડા–નડીયાદ, પ્રાન્ત અધીકારીશ્રી ખેડા–નડીયાદ તથા તલાટી–કમ–મંત્રી મિત્રાલ ગ્રામ પંચાયતને અમલવારી માટે મોકલી આપવી.

ચુકાદો આજ તારીખ ૧ માહે નવેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

તારીખ :૧/૧૧/૨૦૧૮

(રૂચિતા વિનોદકુમાર વૈશ્ય)

પ્રિન્સીપાલ સીવીલ જજ
વસો.
જજ કોડ નં–જી.જે ૦૧૧૪૯